**મહે.સુરતના એડિશનલ સીવીલ જજ અને જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

ક્રિમીનલ કેસ નંબર-

આંક -

ફરીયાદી - શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી -

ગુનો - ઇ.પી.કો. કલમ ૨૭૯ તથા એમ.વી.એક્ટ ૧૮૪ મુજબ

## -- ચુ કા દો --

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબ પોતાના કબ્જામાં આવેલા વાહનને પુરઝડપે અને બેદરકારીથી તેમજ ગફલતભરી રીતે ચલાવી આવતા જતા રાહદારીઓ તેમજ વાહનોને અડચણરૂપ થાય તે રીતે ચલાવેલ હોઇ જેથી આ કામના આરોપી વિરુધ્ધ ઇ.પી.કો. કલમ ૨૭૯ તથા એમ.વી.એક્ટ ૧૮૪ મુજબનું ચાર્જશીટ નામદાર અદાલતમાં રજુ કરેલ.

૨. આરોપી આ કામે ગુના કબુલાત પુરશીશ આપેલ છે, જેમા તેઓએ જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે.તેઓ કુટુમ્બ કબીલાવાળા છે. તેઓ કોર્ટ આગળ દયાની માંગણી કરે છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાથી ગુનાની કબુલાત કરે છે કે કેમ તેની ખાત્રી કરવામાં આવેલ છે. જેથી ઉપરોક્ત સંજોગો જોતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -- હુકમ --

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૨૫૨ અન્વયે ઇ.પી.કો. કલમ ૨૭૯ તથા એમ.વી.એક્ટ ૧૮૪ મુજબના ગુનામા તકસીરવાન ઠેરાવી તેઓને સદર ગુનામા રુપીયા ૧૦૦૦/- (અંકે રુપીયા એક હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન - ૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા.૧૩ માહે જુલાઇ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સુરત

તા.૧૩/૦૭/૨૦૧૯

એડિશનલ સીવીલ જજ અને
જ્યુ.મે.ફ.ક.સુરત